સા વિદ્યા યા વિમુક્તયે

# શારદ

વર્ષ ૨૦ | જુલાઈ ૧૯૯૯ | અંક ૧

## વાલીઓને......

'શારદ'નો આ અંક આપના હાથમાં આવતાં શારદામંદિરની સ્થાપનાને ૭૫ વર્ષ પૂરાં થાય છે. શારદામંદિરની સ્થાપના તા. ૭-૮-૨૪ ને ગુરુવાર અને શ્રાવણસુદ ૭ના રોજ થઈ હતી એટલે તા. ૭-૮-૯૯ના રોજ તારીખ પ્રમાણે અને શ્રાવણસુદ સાતમને ૧૮-૮-૯૯ના રોજ તિથિ પ્રમાણે શારદામંદિરને ૭૫ વર્ષ પૂરાં થાય છે.

શ્રી ભોગીભાઈ ઠાકર અને શ્રી ચંદુભાઈ દવે દિલ્હી અધિવેશનમાથી પાછા ફરતાં ત્યાંના પ્રભાવથી શિક્ષણના ક્ષેત્રમાં કંઈક કરવાની ભાવના સેવતાં હતાં. શ્રી ભોગીભાઈ ઠાકર હોમરૂલલીગમાં હતાં અને શ્રી ચંદુભાઈ દવે વનિતાવિશ્રામમાં આચાર્ય હતાં. આ વિચારણામાં શ્રી સવિતાબેન ત્રિવેદી ભળ્યા. આમ આ ત્રણ ભાવનાશીલ નાગરિકોએ તે જમાનામાં નવા ઉભા થયેલા બાલમંદિરના પ્રચારને પકડી લીધો અને ત્રણેક વર્ષ પહેલાં જ ભાવનગરમાં દક્ષિણામૂર્તિમાં શ્રી ગિજુભાઈ બધેકાએ શરૂ કરેલા પ્રયોગને અમદાવાદમાં મૂર્તિમંત કરવાનો નિર્ધાર કર્યો. શારદામંદિરની સ્થાપનાનું આ બીજ આજે વટવૃક્ષ થઈને પાંગર્યું છે.

અમે ગયે વર્ષે ૭૫મું વર્ષ શરૂથતાં જ કેટલાક કાર્યક્રમો કરવા તેવું વિચાર્યું ને તે મુજબ કેટલાક કાર્યક્રમો કરી શકયા અને તેમાંય નાટક માટેની બે વર્કશોપ, શનિવારે રાત્રે મનોરંજન કાર્યક્રમ વિગેરે રજૂ કરીને ૭૫ વર્ષના આગમનને આ કાર્યક્રમોથી નવાજ્યું.હવે આ અમૃત મહોત્સવમાં પણ એવાં જ કાર્યક્રમો ઘનિષ્ટ રીતે કરવા તેવું વિચારીએ છીએ.

ગયા વર્ષના કાર્યક્રમોને કારણે શાળાના જૂના વિદ્યાર્થીઓને વારંવાર મળવાનું થયું આમાંથી ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું એક મંડળ રચવાનો વિચાર ઉદ્ભવ્યો. ભાઈ અમર ભટ્ટ તો ઘણાં સમયથી આને મૂર્તિમંત કરવા માટે થનગની રહ્યા હતાં. શ્રી વજુભાઈની જન્મશતાબ્દીને કારણે જે કાર્યક્રમો બન્યા તેમાંથી આ વિચાર નક્કર સ્વરૂપે આકાર ધારણ કરી શકયો છે. શાળામાં પ્રવેશ અંગે ભૂતપૂર્વ વિદ્યાર્થીના બાળકોને પ્રવેશ આપવાની નક્કી કરેલી નીતિને લીધે અમારી પાસે ઘણાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું લીસ્ટ હતું આ બધાંમાંથી કેટલાક વિદ્યાર્થીઓ મળ્યા ને 'શારદામંદિર એલમની' તે નામ નીચે એક વિદ્યાર્થી મંડળની રચના કરવી તે નક્કી થતાં તેના પ્રથમ વર્ષના હોદેદારો પણ નકકી થયાં.આ જ ગાળામાં ભાઈ અમરને અમેરીકા જવાનું થતાં ત્યાં પણ જે જે જૂના વિદ્યાર્થીઓ મળ્યા તેમને આ માહિતી આપી ત્યાંના મિત્રોને પણ આ વિચાર ગમી ગયો છે. અને તેમણે ખૂબ સારો પ્રતિભાવ આપ્યો છે જે જણાવતાં મને આનંદ થાય છે. આપનામાં જે કોઈ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ હોય તે અથવા આપની પડોશમાં કોઈ રહેતાં હોય તો તેમને આ માહિતી આપવા જણાવશો ને ભાઈ અમર ભટ્ટ અથવા શાળાનો સંપર્ક સાધી ભૂતપૂર્વ વિદ્યાર્થી તરીકે નોંધ કરાવશો તેવી મારી સૌ કોઈને વિનંતી છે.

ના વંદન

## 'મજાની સજા'

"બેન ! મને ફોન કરી આપોને ! પેટમાં બહુ દુઃખે છે."નંદીતા રડતી રડતી બોલી. હજી તો હું તેનો ફોન કરું છું ત્યાં રૂચિર આવ્યો,અને પછી તો એવા વિદ્યાર્થીઓની અવર જવર ચાલુ જ રહી .. ટેલીફોનનું તંત્ર એક તો પૂરું સક્ષમ હોતું નથી તેમાં વળી એક ફોન થાય ત્યાં બીજા બે વિદ્યાર્થી આવીને ઊભા હોય... મોટા ભાગનાની ફરિયાદ પેટમા દુઃખવાની જ હોય , હા કોઈકને માથું દુઃખવાની ફરિયાદ હોય ખરી પણ ફોન કરવા આવતાં મોટાં ભાગનાં બાળકોની ફરિયાદ પેટમાં દઃખવાની જ હોય છે અને તેમાંય સોમવાર એટલે તો આવા વિદ્યાર્થીઓસુમાર વીનાનાં નીકળે છે. અને એટલે સ્વાભાવિક રીતે મન તેના કારણના વિશ્લેપણ તરફ દોડે.સોમવારે જ કેમ આનું પ્રમાણ વધી જાય છે? કેટકેટલાં કારણો એને માટે જવાબદાર છે?

નાંના ધોરણનાં બાળકો શનિવાર બપોરથી ઘરે રમ્યાં હોય,રવિવારની રજાની મજા માણી હોય એટલે પ્રાછું સોમવારથી સ્કુલમાં ગોઠવાતાં તેમને આકરું લાગે તે સાહજીક છે.અને એટલે સૌથી સહેલું 'પેટમાં દુઃખે છે.'એ કારણ છોકરાંઓને જલ્દી મોઢે ચઢે છે.જરાં ઢીલું મોં કરીને કહે એટલે એમાં બીજી તપાસ તો કરી શકાય નહીં ને બાળકને ઘેર જ મોકલવુ પડે, પણ આવા ઘણાં બાળકોમાં માબાપની પછી ફરિયાદ આવે છે કે "બેન !ઘરે ગયાં પછી તો એ રમવા જ માંડે છે.પેટમાં તો તેને કયાંય દુઃખતું નથી..." ને ત્યારે અમારે માટે આમાં સાચી ફરિયાદ શોધવી એ એક પ્રશ્ન થઈ જાય છે.

તો બીજી તરફ એ વાત પણ એટલી જ સાચી છે કે બાળક જુઠું બોલતું જ નથી અને બોલવાનો પ્રયત્ન કરે તો તેને તે ફાવતું નથી. ..એક જુઠાણું ટકાવવા તેની હારમાળા ચલાવવી પડે છે ને તે બાળકને કયાંથી ફાવે ! મોટા ભાગના બાળકની એ ફરિયાદ સાવ ખોટી પણ નથી હોતી ..સોમવારે જ આવા ઢગલાબંધ બાળકો આવે છેતેની પાછળ રવિવારની રજાની મજા પણ કારણ રૂપ ન હોઈ શકે! આજના ધમાલિયા અને ધાંધલિયા જીવનમાં રવિવારે સૌકોઈને કાંઈક હળવાશની અપેક્ષા હોય અને એટલે લગભગ મોટાં ભાગનાં ઘરોમાં રવિવારે સાંજે રસોડાંની ઝંઝટ નહી કરવા તરફ મનોવૃતિ કેળવાતી જાય છેપરંતું આજે બજારોમાં ફાસ્ટફુડ પૌષ્ટિક તો ન જ હોય એસ્વાભાવિક છે પણ એટલા ચોખ્ખાં ને આરોગ્યપ્રદ પણ નથી હોતાં અને પરિણામે રવિવારની રજાની તે મજા માણ્યા પછી સોમવારે બાળકો પેટમાં દુઃખવાની ફરિયાદ લઈને આવે છે તે પણ હકીકત છે. તેમનું ભણવાનું તો બગડે જ છેપણ સાથે સાથે સ્કુલની આખીય વ્યવસ્થા ખોરવાઈ જાય છે,બાળકની તંદુરસ્તી એ બહુ જ અગત્ય ની બાબત છે અને તેની કાર્યક્ષમતા પર તેની ખૂબ અસર પડે છેરજાની મજા જરૂર માણીએ પણ બાળકની તંદુરસ્તી ધ્યાનમાં રાખીને જો આયોજન કરાય તો તેથી બાળકનું હીત જળવાય એ પણ જરૂરી હકીકત છે.

ઊર્મિલા શાહ

## " મારું સાચું ઘડતર "

Ministry of Human Resources Development department of youth & Sport ( Govt. of India ), Sports Authorily of India અને All India chess federation નાં સંયુક્ત ઉપક્રમે કાલીકટમાં નેશનલ ચેસ કોચીંગ કેમ્પનું આયોજન ૧૯૯૯નાં મે માસ દરમ્યાન થયું જે ત્રણ અઠવાડિયા સુધી ચાલ્યો. ભારતભરમાંથી તેમાં ફકત ૯ વિદ્યાર્થી અને ૯ વિદ્યાર્થિની બહેનોને જ આમંત્રણ આપવામાં આવ્યુ હતું જેમાં ગુજરાતમાંથી બહેનોમાં ચિ. અનૂરી શાહ અને ભાઈઓમાં ચિ. જીલેશ ગાંધી પસંદગી પામ્યાં હતાં, તે શારદામંદિર માટે ગૌરવની વાત છે. ચેસ રશિયામાં ઘણી રમાય છે અને તેથી આ કેમ્પમા રશિયાથી કોચ એલેકઝાંડર લાયસેન્કોને ખાસ બોલાવવામાં આવ્યા હતાં ચિ. અનૂરી અને ચિ. જીલેશને આવા કુશળ અને આંતરરાષ્ટ્રીય ચેસ ક્ષેત્રે ખ્યાતી ધરાવતા કોચ પાસે ચેસનું શિક્ષણ મળે તે પણ અતિ સદ્‌નસીબની વાત છે.

આ કેમ્પનાં અનુભવો ચિ. બેન અનૂરીએ આલેખ્યા છે તેનું સંક્ષીપ્તકરણ અત્રે રજૂ કરતાં આનંદ અનુભવું છું.

"અમારા કોચ એલેકઝાંડર લાયસેન્કો અંગ્રેજી તો જાણતાં જ હતાં પણ એ એવું અંગ્રજી બોલતાં કે અમને તેમાં સમજ પડતી ન હતી , બીજું હું પોતે ચેસમાં જે કક્ષાની હતી તેનાંથી ઘણી ઊંચી કક્ષાનુ ત્યાં શિક્ષણ અપાતું હતું અને તેથી હું સમજું કે નહી , કોચ જે બોલે તે બધું જ ગુજરાતીમાં મારી નોટમાં લખી લેતી. એ લખાણ એટલું છે કે એને બરાબર સમજતાં અને વ્યવસ્થિત બનાવતાં હજી મને મહીનાઓ લાગશે. ભારતની સંસ્કૃતિ વિવિધ જાતિના લોકોથી રંગાયેલી છે, તે બધાં જ રંગો અહીં જોવા મળતાં હતાં. કારણ કે ત્યાં ભારતભરમાથી લોકો આવ્યાં હતાં ને છતાંય બધાં સાથે જમતાં ,સાથે રહેતાં,સાથે શિખતાં, 'વિવિધતામાં એકતા' નો જાણે અમને અહીં આબેહૂબ અનુંભવ થયો. પણ એ ત્રણ અઠવાડિયામાં તો અમારાં બધાં વચ્ચે એવી મિત્રતા બંધાઈ ગઈ હતી કે છૂટા પડવાનું આવ્યું ત્યારે મન માનતું જ ન હતું .. અને હવે ફરી નેશનલ'બી' ટુર્નામેન્ટ કયારે આવે તેની હું રાહ જોઉ છુંકારણ ત્યાં અમે આ કેમ્પમાં જોડાયેલ બધાં જ વિદ્યાર્થીઓ ભાગ લેવાનાં છીએ. મારા જીવનની આ યાદગાર ક્ષણોને તો હું કયારેય નહી ભૂલી શકું... ચેસનું ઉચ્ચકક્ષાનું શિક્ષણ તો મને મળ્યું જ પણ તે સાથે મારું ઘણું ઘડતર, ખાસ કરીને શિસ્ત પણ તેમાંથી શીખવાનું મળ્યું. "

અનૂરી શાહ

## સાભાર સ્વીકાર

શારદામંદિરમાં શ્રી રમણભાઈ રતીલાલ દવેએ બહું લાંબાં વર્ષ સુધી સંગીત શિક્ષક તરીકે પોતાની સેવાઓ આપીઅને શારદામંદિરમા સૂર અને તાલનો પાયો નાંખ્યો. સંસ્થાના બધાં કાર્યક્રમોમા રાત કે દિવસ જોયા વિના તેમજ નામની કે પૈસાની કોઈપણ પ્રકારની અપેક્ષા રાખ્યા સિવાય કાર્યક્રમોને સજીવ બનાવ્યા. ગરબા હોય કે નૃત્યનાટિકા હોય પણ પૂરા ખંતથી લાંબાં સમય સુધી વિદ્યાર્થીઓને ફરી ફરી પ્રેકટીસ આપીનેકાર્યક્રમ સર્વાંગ સુંદર બને તેની ખાંખત તેમણે રાખેલી.

તેઓનું તાજેતરમાં અવસાન થયું તેની ભારે હૃદયે અમે 'શારદ'મા નોંધ લીધી હતી તે આપ જાણો છો. પોતાના વીલમાં પોતાના મૃત્યુ બાદ સંગીતના વિકાસ અર્થે પોતાની મૂડીનો ભાગ તેમણે જુદી-જુદી સંસ્થાઓને આપ્યો છે. તેમના તરફથી તેમણે વીલમાં લખ્યું હતું તે મુજબનું રૂ.૫૦,૦૦૦ નું દાન શારદામંદિરને મળ્યું છે. તેમની સ્મૃતિ કાયમ રહે તે માટે સંગીતના ક્ષેત્રમાં શાળામાં વિકાસ કરી શકાય તેવું આયોજન અમે વિચારી રહ્યા છીએ. શ્રેણી ૧૦ ને શ્રેણી ૧૨ માં શારદામંદિરમાં જે વિદ્યાર્થીસંગીત વિષયમાં શાળામાં પ્રથમ -આવશે તેને રૂ.૫૦૦ , દ્વિતીય આવશે તેને રૂ.૩૦૦ અને તૃતીય આવનારને રૂ.૨૦૦ પારિતોષિક તરીકે આપવામાં આવશે.

# (સંસ્થાકીય સમાચાર)

## બાલમંદિર

ઉનાળાના વેકેશનની મજા માણી તા. ૧૪મી જૂનથી બાળકો પાછાં બાલમંદિરમાં ઉત્સાહભેર આવતાં થઈ ગયાં છે. બાલમંદિરના મુકત અને મમતાભર્યા વાતાવરણમાં બાળકો હસતાં રમતાં થઈ ગયાં છે.અને અનેકવિધ પ્રવૃતિઓમાં ઓતપ્રોત થઈ ગયાં છે. બાલમંદિરનું આખુંય વાતાવરણ બાળકોનાં ઉત્સાહથી અને પ્રવૃતિઓથી ધમધમતું બની ગયું છે.

ગૌરીવ્રતનો ઉત્સવ નજીક આવી રહ્યો છે. નાનકડી.બાળાઓ કાર્યક્રમની તૈયારીઓમાં લાગી ગઈ છે. સુંદર મજાનાં રંગબેરંગી ચણીયાચોળી ને ઉપર ભભકદાર ઓઢણી પહેરી માથે જવારા લઈ એ બાળાઓ ' ગોરમાનો વર કેસરિયો' ગાતી ગરબે ઘુમે છેત્યારે આખુંય વાતાવરણ પ્રસન્નતાથી છલકાઈ ઉઠે છે.

તા. ૧૭મી ઓગસ્ટે સંસ્થાનો સ્થાપનાદિન આવી રહ્યો છે. તાલીમનાં બાળકો એને માટેની તૈયારીમાં લાગી ગયા છે. બાલરથ,બાલપૂજન,બાલકૂચ, બાળક સંસ્થાના કેન્દ્ર સ્થાને છે. અને સૌ પ્રથમ બાલપૂજન એ આ સંસ્થાની આગવી લાક્ષણિકતા છે. સ્થાપનાદિને મુખ્ય મહેમાનને હસ્તે કુંકુંમતિલક કરી બાલપૂજન કરાવવામાં આવશે, બાળકનું અભિવાદન કરવામાં આવશે.

તા. ૩-૭-૯૯ને શનિવારે તાલીમના બાળકો મીની ઝૂ ની મુલાકાતે ગયાં. બાળકોને પ્રાણી જોવા ખૂબ ગમે છે. સાથે સાથે ક્રિડાંગણનાં સાધનો સાથે રમવાનો પણ આનંદ બાળકોએ માણ્યો.

**સૂચના :**(૧) બાલમંદિરનો સમય સોમ થી શુક્ર ૧૧-૦૦ થી ૩-૩૦નો તથા શનિવારે ૭-૩૦ થી ૧૦-૩૦ નો છે તેની ખાસ નોંધ લેશો સમયની નિયમિતતાની ટેવ બાળકને અત્યારથી જ પાડવી જરૂરી છે.

(૨) વર્ગ શિક્ષકને મળવા માટે ફકત શુક્રવારનો જ દિવસ રાખવામાં આવ્યો છે. જેનો સમય ૩-૩૦ થી ૪-૦૦ નો રાખ્યો છે. એ માટે સૌ પ્રથમ ઓફીસનો સંપર્ક સાધવો.

(૩) બાલમંદિરનાં દરવાજાની પાસે વાલીઓ તેમનાં વાહન ઉભા રાખે છેજેથી સૌ કોઈને ભારે તકલીફ ઉભી થાય છે. આપ આપનું વાહન ઝાંપાથી દૂર વ્યવસ્થિત રીતે પાર્ક કરશો.સંસ્થાને વારંવારઆ માટે કડક પગલાં ન લેવા પડે તે માટે વાલીના સંપૂર્ણ સહકારની અપેક્ષા છે.

(૪) બાળગીતોની કેસેટ ત્રણ ભાગમાં બનાવવામાં આવી છે. મોટા શારદામંદિરમાં ઓફીસમાંથી આ કેસેટો મળી શકશે.

## શિશુમંદિર

ચૂટણીઃ તા. ૨૧-૬-૯૯ના રોજ મહામંત્રી ઉપમંત્રીની ચૂંટણી યોજાઈ જેમાં નીચે પ્રમાણે વિદ્યાર્થી ભાઈબહેનો ચૂટાયેલાં જાહેર થયાં.

| | | |
|---|---|---|
| મહામંત્રી | (ભાઈઓ) | પરીન ગાંધી |
| | (બહેનો) | ધ્વની દવે |
| ઉપમંત્રી | (ભાઈઓ) | કૃતિશ શાહ |
| | (બહેનો) | વિધિ યુ. શાહ |

આંતરગૃહ નેતા - ઉપનેતા નીચે મુજબ છે .

| | | | |
|---|---|---|---|
| ધવલગિરિ | (ભાઈઓ) | નેતાઃ | નિરલ મોદી |
| | | ઉપનેતાઃ | અનુજ શાહ |
| | (બહેનો) | નેતાઃ | વિધિ એચ. શાહ |
| | | ઉપનેતાઃ | નાજુક શાહ |
| મેઘનાદ | (ભાઈઓ) | નેતાઃ | પૂર્વિશ શાહ |
| | | ઉપનેતાઃ | નિકેત શાહ |

| | | | |
|---|---|---|---|
| મેઘનાદ | (બહેનો) | નેતાઃ | રીમા જોષી |
| | | ઉપનેતાઃ | નિલ્જા પટેલ |
| રત્નદીપ | (ભાઈઓ) | નેતાઃ | રાહુલ શાહ |
| | | ઉપનેતાઃ | હર્ષ ગાંધી |
| | (બહેનો) | નેતાઃ | જીનાલી ઝવેરી |
| | | ઉપનેતાઃ | હેલી શાહ |
| ગંગોત્રી | (ભાઈઓ) | નેતાઃ | દેવર્ષ પટેલ |
| | | ઉપનેતાઃ | મૌલિક વ્યાસ |
| | (બહેનો) | નેતાઃ | એષા મહેતા |
| | | ઉપનેતાઃ | વિધિ ભટ્ટ |

આંતરગૃહ સ્પર્ધાઓઃ

ગુજરાતી સુલેખન ૧૨-૭-૯૯

| | | |
|---|---|---|
| પ્રથમ | પરીતા દેસાઈ | (મેઘનાદ) |
| દ્વિતીય | વૈશલ દલાલ | (મેઘનાદ) |
| તૃતીય | એષા મહેતા | (ગંગોત્રી) |

હિન્દી સુલેખનઃ ૧૨-૭-૯૯

| | | |
|---|---|---|
| પ્રથમ | આનંદ પટેલ | (મેઘનાદ) |
| દ્વિતીય | પીના જોષી | (મેઘનાદ) |
| તૃતીય | રૂચી ચુડગર | (ગંગોત્રી) |
| | લવ જાની | (ધવલગિરિ) |

અંગ્રેજી સુલેખનઃ ૧૨-૭-૯૯

| | | |
|---|---|---|
| પ્રથમ | આલીશા દલાલ | (ધવલગિરિ) |
| દ્વિતીય | હેલી શાહ | (રત્નદીપ) |
| તૃતીય | શિલ્પા શાહ | (રત્નદીપ) |

ફૂલ ગજરા બનાવવાની સ્પર્ધાઃ

| | | |
|---|---|---|
| પ્રથમ | વિધિ ભટ્ટ | (ગંગોત્રી) |
| દ્વિતીય | વિધિ યુ. શાહ | (ગંગોત્રી) |
| | જીનાલી ઝવેરી | (રત્નદીપ) |
| તૃતિય | વિધિ એચ.શાહ | (ધવલગિરિ) |
| | મૌલિ જોષી | (રત્નદીપ) |

**કેસેટ :** ધો. ૧,૨ તથા ધો. ૩,૪ ના કાવ્યોની કેસેટ નવા શારદામંદિરની ઓફીસમાંથી મળી શકશે.

**સૂચનાઃ** આપના બાળક માટે કોઈ પણ પ્રશ્ન હોય તો કોઈપણ સંજોગોમાં સીધા વર્ગમાં ન જતાં પ્રથમ ઓફિસનો સંપર્ક સાધવો ત્યાર પછી જ આચાર્યને મળવું આચાર્યને મળવાનો સમય સોમ થી શુક્ર બપોરે ૩-૧૫ થી ૪-૧૫નો છે.

## વિનયમંદિર

**પરિણામ :** માર્ચ ૧૯૯૯ માં લેવાયેલ એચ. એસ.સી.વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાનું શાળાનું પરિણામ ૮૧.૫૩ ટકા આવ્યું છે.

એચ.એસ.સી. સામાન્ય પ્રવાહનું શાળાનું પરિણામ ૯૯.૨૦ ટકા આવ્યું છે.

ન્યું એસ.એસ.સી. પરીક્ષાનું શાળાનું પરિણામ ૯૩.૦૨ ટકા આવ્યું છે. ન્યું એસ.એસ.સી.માં શાળાની વિદ્યાર્થિની કુનુર શાહે બોર્ડમાં પાંચમું તથા કેન્દ્રમાં બીજું સ્થાન પ્રાપ્ત કર્યું છેતે માટે ખૂબ ખૂબ ધન્યવાદ.

એચ.એસ.સી. સામાન્ય પ્રવાહમાં જાડેજા વૈદેહીબા હર્ષવર્ધનસિંહે બોર્ડમા ચોથું ને કેન્દ્રમાં ચોથું સ્થાન પ્રાપ્ત કર્યું છે. તે માટે ખૂબ ખૂબ ધન્યવાદ.

શાળામાંથી નીચે પ્રમાણે વિદ્યાર્થી ભાઈબહેનોને ઈનામ મળે છે તેમાટે તેમને ધન્યવાદ.

(૧) ન્યું એસ.એસ.સી.માં પ્રથમ આવનાર શાહ કુનુરને સ્વ. કલ્યાણભાઈ ગાંધીનાં સ્મરણાર્થે ઈનામ રૂ.૧૨૫.

(૨) એચ.એસ.સી. વિજ્ઞાન પ્રવાહમાં શાળામાં પ્રથમ આવનાર વિદ્યાર્થી ચૌહાણ રોહન રામચંદ્રને સ્વ. પન્નાબેન ગાંધીના સ્મરણાર્થે ઈનામ રૂ ૧૨૫.

(૩) એચ.એસ.સી. સામાન્ય પ્રવાહમાં શાળામાં પ્રથમ આવનાર જાડેજા વૈદેહીબાને સ્વ. પ્રકાશભાઈ પંડિતના સ્મરણાર્થે ઈનામ રૂ.૧૨૫.

(૪) ન્યુ એસ.એસ.સી. ,એચ.એસ.સી.વિજ્ઞાન પ્રવાહ તથા સામાન્ય પ્રવાહની પરીક્ષાઓમાં બહેનોમાં શાળામાંથી પ્રથમ આવનાર નીચે પ્રમાણે

બહેનો (૧) શાહ કુનુર નિખિલેશભાઈ

(૨) પાઠક અમી અશોકકુમાર

(૩) જાડેજા વૈદેહીબા હર્ષવર્ધનસિહ ને સ્વ. તનુલતાબેન પટેલના સ્મરણાંર્થે દરેકને રૂ.૧૦૧ના ઈનામો મળે છે.

(૫) ન્યું એસ.એસ.સી. પરીક્ષામાં સંસ્કૃત વિષયમાં પ્રથમ આવનાર ત્રિવેદી અપાલાને રૂ.૧૨૫ તથા દ્વિતીય આવનાર ગોસલિયા મનનને રૂ૧૦૧ ના ઈનામો સ્વ. વલ્લભરામ વૈદ્યના સ્મરણાર્થે મળે છે.

(૬) ન્યું એસ.એસ.સી. ગણિત અને વિજ્ઞાનના કુલ માર્કસમાં શાળામાં સૌથી વધું ગુણ મેળવનાર લાખિયા રૈવત તુષારભાઈ તથા પાંડવ નિલેષ કાંતિભાઈને સ્વ. પ્રમોદાબેન હીરાભાઈ દેસાઈના સ્મરણાર્થે રૂ.૧૦૧નું ઈનામ વહેંચાય છે.

(૭) ન્યું એસ.એસ.સીમાં અંગ્રેજી વિષયમાં સૌથી વધુ ગુણ મેળવનાર શાહ કુનુરને સ્વ. પ્રમોદાબેન હીરાભાઈ દેસાઈના સ્મરણાર્થે ઈનામ રૂ.૧૦૧ મળે છે.

(૮) સ્વ. પ્રકાશભાઈ પંડિતના સ્મરણાર્થે એચ.એસ.સી.સામાન્ય પ્રવાહના બીઝનેસ એડમિનિસ્ટ્રેશન વિષયમાં પ્રથમ આવનાર કુ. વૈદેહીબા જાડેજા તથા કુ. દર્શિની ઓઝાને પ્રથમ અને દ્વિતીય ઈનામની રકમ રૂ. ૧૨૫ તથા રૂ. ૧૦૧ વહેચાતાં દરેકને રૂ. ૧૧૩ના ઈનામો મળે છે.

(૯) એચ.એસ.સી. વિજ્ઞાન પ્રવાહમાં ઈજનેરી અને મેડિકલ માટેના મેરીટલીસ્ટમાં શાળામાં સૌથી વધુ ગુણ મેળવનાર શાહ સુરાજ મલયભાઈને સ્વ. પ્રમોદાબેન હીરાભાઈ દેસાઈના સ્મરણાર્થે રૂ.૧૦૧નું ઈનામ મળે છે.

(૧૦) લલિતકલા ક્ષેત્રે આગવી સિધ્ધિહાંસલ કરવા બદલ સ્વ. કાશીબેન વલ્લભરામ વૈદ્ય તરફથીચિ. કૃપા વ્યાસ ને પ્રથમ ઈનામ રૂ.૧૨૫ તથા ચિ. વિધિ યુ. શાહને દ્વિતીય ઈનામ રૂ. ૧૦૧ મળે છે.

**સૌ વિદ્યાર્થી ભાઈબહેનોને અભિનંદન**

તા. ૩૦-૬-૯૯ના રોજ શાળાનાં ભૂતપૂર્વ વિદ્યાર્થી ભાઈ શોધન મહેતાએ તેમના અમેરીકન લશ્કરમાં હતાં ત્યારના પ્રસંગોની વાતો કરતાં જીવનમાં શિસ્ત અને નિડરતા વિષે પ્રેરક પ્રવચન આપ્યું.

તા. ૭-૭-૯૯નાં રોજ અમેરીકામાં રહેતાં ભારતીય વિદ્યાર્થીઓએ ધો. ૮,૯નાં વિદ્યાર્થીઓ સમક્ષ તમાકું અને પાનમસાલાથી થતાં કેન્સર અંગે સ્લાઈડ શો સાથે નિદર્શન આપ્યું વિદ્યાર્થીઓએ ઘણાં પશ્નો પૂછી રસપૂર્વક માર્ગદર્શન મેળવ્યું.

તા. ૯-૭-૯૯ ના રોજ NAPS ના મિત્રોએ મલ્ટીમિડિયા વિષે દશ્યશ્રાવ્ય માધ્યમ સાથે રસપ્રદ માહિતી આપી.

**ચૂંટણીઃ** તા. ૧-૭-૯૯ ના રોજ મહામંત્રી અને ઉપમંત્રી ચૂંટણી યોજાઈ જેમાં નીચેના વિદ્યાર્થી ભાઈબહેનો ચૂંટાઈ આવ્યા છે.

| | | |
|---|---|---|
| મહામંત્રી | (ભાઈઓ) | નિરવ પારેખ |
| | (બહેનો) | દેવાંગી મુનશી |
| ઉપમંત્રી | (ભાઈઓ) | સંકેત ત્રિવેદી |
| | (બહેનો) | રવિજા દવે |

ઈતરપ્રવૃતિને અનુંલક્ષીને નીચે પ્રમાણે નેતા ગૃહનેતાની પસંદગી કરવામાં આવી છે.

| | | | |
|---|---|---|---|
| ગીતગોવિંદ | (ભાઈઓ) | નેતા | ઈપ્સિત ત્રિવેદી |
| | | ઉપનેતા | શાશ્વત ગૌદાની |
| | (બહેનો) | નેતા | પૂજા રાયબાગકર |
| | | ઉપનેતા | આરતી જાડેજા |
| ચંદ્રમૌલી | (ભાઈઓ) | નેતા | શર્વિલ ટંકશાળી |
| | | ઉપનેતા | હર્ષિલ શાહ |
| | (બહેનો) | નેતા | કૃપા વ્યાસ |
| | | ઉપનેતા | આનલ શાહ |
| મંઘદૂત | (ભાઈઓ) | નેતા | દ્રુપદ પરીખ |
| | | ઉપનેતા | રિશી મહેતા |
| | (બહેનો) | નેતા | ખ્યાતિ જાડેજા |
| | | ઉપનેતા | માનસી સ્માર્ટ |
| પદ્મપુકુર | (ભાઈઓ) | નેતા | રિષિત ભટ્ટ |
| | | ઉપનેતા | જય મહેતા |
| | (બહેનો) | નેતા | પેલવા નાયક |
| | | ઉપનેતા | બંસરી શાહ |

**સૌ વિદ્યાર્થી ભાઈબહેનોને અભિનંદન.**

## સવાર

આ સવાર ઊગ્યું આંખ્યુંમાં,
સૂરજના કિરણો સાથે
આ સવાર ઊગ્યું આંખ્યુંમાં
ચારેય દિશાઓ ગુંજી ઊઠી,
પંખીઓના કલશોરથી
આંખ ઊઘાડી પ્રાણીઓએ
સુંદર હવાની મહેંકથી
આ સવાર ઊગ્યું આંખ્યુંમાં
નિશા કેરો અંધકાર દૂર થયો,
ઉજાશ આકાશમાં ફેલાયો
આળસને બસ ખંખેરી
નવું ચેતન રેલાવે આ સુંદર સવાર
આ સવાર ઊગ્યું આંખ્યુંમાં

**-શિવાની જોષી ૮ -ક**

### સાચું શિક્ષણ

પુસ્તક શિક્ષણ તે જ શિક્ષણ છે એવા અંધ સંસ્કાર બાળકના મન ઉપર કદાપિ પડવા દેવા જોઈએ નહી. તેમને પળે પળે એવું સમજાવતાં રહેવું જોઈએ કે પુસ્તકમાં જે જ્ઞાન છે તે પ્રકૃતિના અક્ષય ભંડારમાંથી મેળવેલું જ્ઞાન છે.

પરીક્ષામાં ઉત્તીર્ણ થવું એ જ જયારે શિક્ષણનો પ્રધાન ઉદેશ બની રહે છે, ત્યારે શાળાઓમાં વાસ્તવિક શિક્ષણ અપાતું જ નથી. આમ થવાથી હજારો વિદ્યાર્થીઓનું સ્વાસ્થ્ય નષ્ટ થાય છે. તેમની બુદ્ધિ વન્ધ્યા બની જાય છે. અધિક પરિશ્રમથી વિદ્યાર્થીનું મન અકાળે નિર્બળ બની જાય છે,અને વિદ્યા માટે તેના અંતરમાં અનુરાગ પણ રહેતો નથી.

આપણા વિદ્યાર્થીઓ પરીક્ષામાં સફળતા મેળવવાની ઝંખનાના ભોગ બન્યા છે. પરીક્ષામાંની સફળતા એટલે ઓછામાં ઓછા જ્ઞાન સાથે વધારેમાં વધારે માર્ક એ ઈરાદાપૂર્વક કેળવાયેલી સત્ય પ્રત્યેની બેવફાઈ છે. બૌદ્ધિક અપ્રમાણિકતા છે.

રવીન્દ્રનાથ ટાગોર

## : અભિનંદન :

**ચેસ :** ગુજરાત સ્ટેટ ચેસ એસોશિયેશન દ્વારા સન. એન્ડ સ્ટેપ કલબ ખાતે તાજેતરમાં યોજાયેલ ચેસ ટુર્નામેન્ટમાં ચિ. અનૂરી શાહ Subjunior Girls Champion બન્યાં છે. તા. ૧૯મી ઓગસ્ટથી કાલીકટ ખાતે યોજાનાર નેશનલ Subjunior Girls Tournament માં તેઓ ગુજરાતનું પ્રતિનિધિત્વ કરવા પસંદગી પામ્યાંછે.
ચિ. જીલેશ ગાંધી પણ તેમાં પસંદગી પામ્યા છે.
તા. ૨૦-૬-૯૯ના રોજ અમદાવાદ ચેસ એકેડમી આયોજીત જે. એમ દવે ચેસ સ્પર્ધામાં ગ્રુપ બીમાં સાગર પારેખ પ્રથમ આવેલ છે. આ ગ્રુપમાં ચિ. સ્વપ્નીલ શાહને ૮મું સ્થાન મળ્યુંછે.

અમદાવાદ ચેસ એકેડમી તરફથી ચિ. જીલેશ ગાંધીને રૂ. ૫૦૦ ની સ્કોલરશીપ ચેસ ઈન્ટરસ્કુલ વિનર તરીકે મળી છે. આ ટુર્નામેન્ટ ટ્યુલીપ સ્કુલ ખાતે યોજાઈ હતી.

**લલિતકલાઃ** ૬-૬-૧૯૯૯ના રોજ એલીસબ્રીજ જીમખાના આયોજીત ટેલેન્ટ ઈવનીંગમાં ચિ. કથન ડોકટરને તબલાવાદનમાં પ્રથમ ઈનામ મળ્યુંછે.

રાજપથ કલબ આયોજીત ટેલેન્ટ ઈવનીંગમાં ચિ. હર્ષિલ છપ્પનને મિમેક્રીમાં તથા ફેન્સી ડ્રેસમાં પ્રથમ ઈનામ મળ્યાં છે.

**સ્કેટીંગઃ** રાજપથ કલબ આયોજીત રોલર સ્કેટીંગ હરીફાઈમાં રીંકરેસમાંહર્ષિલ છપ્પનને ત્રીજું ઈનામ મળ્યું છે.

**ચિત્રઃ** લલિતકલા પરિષદ વિશાખાપટ્ટનમ્ આયોજીત નેશનલ ચિલ્ડ્રન આર્ટ કોમ્પીટીશનમાં ચિ. વૈદેહી શાહને 'એ' ગ્રુપમાં અતિ વિશિષ્ટ કલા પુરસ્કાર ચંદ્રક તથા ચિ.સ્વપ્નીલ શાહને'એ' ગ્રુપમાં કલા પ્રશંસા પુરસ્કાર પ્રાપ્ત થયેલ છે. ચિ. હાર્ષિલ છપ્પનને કલાપ્રતિભા પુરસ્કાર મળ્યો છે.

પર્યાવરણદિન નિમિતે ગુજરાત રાજ્ય ફોરેસ્ટ ડીપાર્ટમેન્ટ આયોજીત તત્કાલ ચિત્ર સ્પર્ધામાં ચિ.પલક ત્રિવેદીને આશ્વાસન ઈનામ મળ્યુંછે.

જ્ઞાનજ્યોત એજ્યુકેશન ટ્રસ્ટ પાલનપુર આયોજીત તૃતીય ચિત્ર સ્પર્ધામાં ચિ.ઋજુતા દેસાઈને 'એ' ગ્રુપમાં કલાજ્યોત એવોર્ડ મળ્યો છે.

ચાઈલ્ડ લેબર પ્રીવેન્શન ડે નિમિત્તે વર્લ્ડ વીઝન ઓફ ઈન્ડિયા દ્વારા આયોજીત ચાઈલ્ડ લેબર ઉપર પોસ્ટર બનાવવાની સ્પર્ધામાં ચિ. શર્વિલ ટંકશાળીને આશ્વાસન ઈનામ અને પ્રશંસાપત્ર મળ્યાંછે.

નેશનલ સેન્ટર ઓફ આર્ટ એન્ડ કલ્ચરલ હેરીટેજ દ્વારા આયોજીત દ્વિતીય ઓલ ઈન્ડિયા સ્કુલ ચિલ્ડ્રન્સ આર્ટ કોમ્પીટીશનમાં ચિ. શર્વિલ ટંકશાળી તથા ચિ. શિવાંગી ટંકશાળીને સર્ટીફીકેટ મળેલ છે.

યંગ એન્વોયઝ ઈન્ટરનેશનલ આયોજીત ચિત્ર સ્પર્ધામાં ચિ.અચ્યુત પંચાલને જ્યુરી ગીફટ અને ડિપ્લોમાનું પ્રમાણપત્ર મળ્યું છે. ક્ષિતિજ આર્ટ સોસાયટી આયોજીત ઓલ ઈન્ડિયા આર્ટ એક્ઝીબીશનમાં ચિ. હર્ષિલ છપ્પનને મેરીટ સર્ટીફીકેટ મળ્યું છે.

**સૌ વિદ્યાર્થી ભાઈબહેનોને અભિનંદન.**

તંત્રી ,મુદ્રક,પ્રકાશકઃ **દિનુભાઈ દવે**, આચાર્ય અને નિયામક,
શારદામંદિર, અમદાવાદ-૩૮૦૦૦૭.
EMAIL: shaarad@ad1.vsnl.net.in